## 1. ફાસીવાદની વિચારસરણીની વિશેષતા જણાવો.

➢ (1)પ્રથમ વિશ્વયુદ્ધના અંતે થયેલી વર્સેલ્સની સંધિમાં ઇટાલીને થયેલા અન્યાયને દૂર કરવા મુસોલિનીએ ઇટાલીના અસંતુષ્ટ થવાનો અને સૈનિકોનું જૂથ રચી ઇટાલીના મિલાન શહેરમાં ઉગ્ર રાષ્ટ્રવાદી ફાસીસ્ટ પક્ષની સ્થાપના કરી.

(2) લાકડાંની ભારી અને કુહાડીના રોમન સમ્રાટના પ્રતીકને તેણે પક્ષના પ્રતીક તરીકે સ્વીકાર્યું. તેથી આ પક્ષ ફાસીવાદ કે ફાસીસ્ટ પાર્ટી તરીકે ઓળખાય છે.

(3) ઈ. સ. 1919માં યોજાયેલી ચૂંટણીમાં મુસોલિની પણ પક્ષની સાથે હાર થઈ. પરંતુ ફાસીસ્ટ સૌથી બળવાન પક્ષ બન્યો.

(4) સામ્યવાદીઓએ પાડેલી હડતાલને રોકવામાં સરકાર નિષ્ફળ ગઈ તેથી મુસોલીએ કહ્યું "હડતાલને કાબૂમાં રાખો કે સુત્રો સોંપી દો." મુસોલિનીએ સૈનિકો સાથે રોમ તડક કરી. સમય જાળવીને સમ્રાટ ઇમન્યુએલ ત્રીજાએ મુસોલિની સરકાર રચવાનું કહ્યું. મુસોલિનીએ ઇટાલીમાં પોતાના સ્થાપના કરી.

(5) મુસોલિની રાજ્યને મહત્ત્વ આપતો હતો. લોકશાહી અને વ્યક્તિ સ્વાતંત્ર્યનો તે કટ્ટર વિરોધી હતો.

(6) વ્યક્તિ રાજ્ય માટે છે, રાજયની બહાર વ્યક્તિનું સ્વાતંત્ર્ય નથી.

➢ ફાસીવાદની ધ્યાનાર્ષક વિશેષતાઓ નીચે મુજબ છે.

(1) રાજયની દરેક સંસ્થાઓને ફાસીવાદના સિદ્ધાંત મુજબ જ કામ કરવાની ફરજ પાડી, તેની નવી આર્થિક નિતીને પરિણામે ઉત્પાદન વધ્યું.

(2) લશ્કરી તાકાત વધારવા લશ્કરી ભરતી ફરજિયાત બનાવી નોકકાફલા મા વધારો કર્યો. સરમુખત્યારશાહી વિચારસરણી વાળા મુસોલિનીએ ઉગ્ર રાષ્ટ્ર વાડી લશ્કરી સંગઠન ઉમેર્યું.

(3) 60 વર્ષથી પોપ સામે ચાલ્યા આવતા ઝઘડાઓ ની સંધિ દ્વારા અંત લાવીને મુસોલિનીએ મોટી સિદ્ધિ મેળવી. તેણે આમ કરીને વિટીકનનગર પર પોપની સતા સ્વીકારતા હજારો કેથલિક્કો ખુશ થયા.

## 2. નાઝીવાદના ઉદયનાં કારણો કયાં હતાં ?

➢ એતિહાસિક ઘટના બનવા પાછળ એક થી વધુ કારણો જવાબદાર હોય છે. જર્મનીમાં ઉદ્ભવેલ નાઝીવાદના ઉદભવ માટે પણ નીચે મુજબના અનેક કારણો જવાબદાર હતાં.

(A) વર્સેલ્સની સંધિ : પ્રથમ વિશ્વયુદ્ધના અંતે ઘરેલા જર્મનીને અત્યંત ક્રૂર અને અપમાનજનક એવી વસેલ્સની સંધિ પર ફરજિયાત સહી કરવી પડી. સ્વાભાવિક જ આ સંધિથી જર્મન પ્રજાનું અપમાન થયું હતું. તેથી જર્મનીના યુવાનો ક્રોધે ભરાયા. આ રાષ્ટ્રવાદી યુવાનોનાં સંગઠન બનતાં નાઝીવાદનો ઉદય થયો.

(B) સામ્યવાદનો ફેલાવો : સાખવાદના આંતરરાષ્ટ્રીય સિદ્ધાંતને કારણે જર્મનીમાં એનો વધુ ફેલાવો થશે તો સામ્યવાદી જર્મની રશિયાનું કઠપૂતળી રાષ્ટ્ર બની જશે. તેવા ભયે નાઝી પક્ષનો વિકાસ થયો.

(C) મહામંદી : પ્રથમ વિશ્વયુદ્ધ અને વર્સેલ્સની સંધિને પરિણામે આર્થિક ક્ષેત્રે બરબાદ થયેલા જર્મનીને અમેરિકાએ આર્થિક મદદ કરી પરંતુ મહામંદીએ તેની આર્થિક સ્થિતિ વધારે ખરાબ કરી.

(D) સરકારની નિષ્ફળતા : પ્રથમ વિશ્વયુદ્ધના અંતે જર્મનીમાં ઉદ્દભવેલા અને ક પ્રશ્નોનું નિરાકરણ કરવામાં વાઇબર પ્રજાસત્તાક નિપફળ ગયું. આ સમયે શકિતશાળી અને સીધા નિર્ણયશક્તિશાળી વ્યક્તિની શોધમાં હતી. જ્યારે એડોલ્ફ હિટલરના રૂપમાં લોકોને પોતાનો તારણહાર દેખાતાં તેને બહોળો આવકાર સ્વીકાર મળ્યાં.

(E) યુદ્ધમાં જર્મને મળેલા પરાજય માટે તેણે જર્મન નેતાઓ અને યહૂદી પ્રજાને જવાબદાર ગણાવ્યાં. કારેલાં જર્મનીને ગૌરવ સ્થાપવાના ધ્યેય સાથે તે ઉગ્ર રાષ્ટ્રવાદના.

(F) હિટલરનું નેતૃત્વ : વર્સેલ્સની સંધિને ફગાવી દેવી, ગુમાવેલા પ્રદેશો પાછા મેળવતા, મજૂર મધ્યમવર્ગની માર્થિક સ્થિતિ સુધારવી તેમજ શારાસામગ્રીમાં વધારો કરવાનો કાર્યક્રમ હતો. સરકારે તેને જેલની સજા કરી. અપી તેણે મારો સંપર્ક' નામનું પુરાક લખ્યું જેનાથી નાઝી વિચારોનો લોકોમાં વધારે ફેલાવો થયો. નાઝી પક્ષની શાખાઓ શરૂ કરી. ભૂરા રંગનો લશ્કરી પોશાક અને ખભા પર લાલ રંગની પટ્ટી સાથે ઊધા સ્વસ્તિક નું ચિહ્ન તે રાખતા, "નાઝીના અંગરક્ષ કો કાળો પોશાક પહેરામાં અને તેના પર ખોપરીનું ચિહ્ન રાખતાં, મેના અંગ રણ નાઝી વિરોધીઓને ખતમ કરવા હંમેશ તત્પર રહેતો.

### 3. પ્રથમ વિશ્વયુદ્ધના અંતે આફ્રિકન રાષ્ટ્રોમાં કયાં પરિવર્તનો આવ્યાં ?

- પ્રથમ વિશ્વયુદ્ધના અંતે આફ્રિકામાં સ્વતંત્રતાની ચળવળ માટેની લોકજાગૃતિ આવી, પ્રથમ વિધાયુદ્ધના અંતે પોતાને સ્વતંત્રતા મળશે એવી આશાએ આફ્રીકન દેશોએ મિત્રે રાષ્ટ્રોને યુદ્ધમાં સહકાર આપ્યો હતો. આફ્રિકામાં રાષ્ટ્રીય જાગૃતિની શરૂઆત માટે વિવિધ સંગઠનો રચાયા. (1912) આફ્રિકામાં રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના થઈ. તેણે પોતાના રાષ્ટ્રની ગુલામી ભોગવી રોતી પ્રજાને પોતાના અધિકાર માટે જાગૃત થયાં.
- અમેરિકાની દક્ષિણે આવેલા 24 સંસ્થાનો લેટિન અમેરિકાના નામે ઓળખાતાં. એમડી વસતી પ્રજા લેટિન કુળની હતી અને તેની ભાષા પણ લેટિન હતી, લેટિન અમેરિકાએ સ્વતંત્રતા બાદ અમેરિકાનું અનુકરણ કર્યું નહી, પરંતુ સ્વતંત્ર રીતે પોતાના વિકાસના પ્રયત્ન કર્યો તેથી આ રાષ્ટ્રોમાં અંતર કલાકે, સરમુખત્યારશાહી તેમજ લશકરી વિદ્રોહ શરૂ થયા, આ સ્થિતિમાં બાઝિલ, ચિલી અને આર્જેન્ટાઇનના ત્રણ રાષ્ટ્રોમાં રાજકીય સ્થિરતાની અને લોકશાહી શાસનની આશા હતી પરંતુ તેમાં લેટિન અમેરિકાના જ અન્ય રાજયોનો સમાવેશ થતો ગયો. આર્જેન્ટિના અને બ્રાઝિલમાં સરમુખત્યારશાહી શાસન સ્થપાયું, મેક્સિકોમાં પણ એ કપલીય વ્યવસ્થાવાળું લોકશાહી શાસન સ્થપાયું.
- લેટિન અમેરિકામાં સૌથી મહત્ત્વનો પ્રજાતંત્રનો દરજ્જો ઉરુગ્વને મળ્યો. પૂર્વ આફ્રિકામાં આવેલા ઈથોપિયા ઉપર ઇટાલીએ (1896)માં આક્રમણ કરી પોતાનું વર્ચસ્વ સ્થાપવાનો પ્રયત્ન કર્યો, ત્યારે હબસી પ્રજાને કારણે ઇટાલી સફળ થઈ શક્યું નહિ, ત્યારબાદ (1928માં) કાયમી મિત્રતા અને મધ્યસ્થતાની સંધિ કરી જાપાન અને જર્મની પાસેથી પ્રેરણા મેળવી ઇટાલી એ બળના પ્રયોગ દ્વારા આક્રમણનો નિર્ણય કર્યો.
- એક ઇટાલિયન સૈનિકની હત્યાને નિમિત્ત બનાવી તેણે ઈથોપિયા પર આક્રમણ કર્યું ત્યારે ઈથોપિયાના શાહહેડલે રાષ્ટ્રસંધમાં ફરિયાદ કરી. રાષ્ટ્રસંઘે ઇટાલીને 'આક્રમણ કાર' જાહેર કર્યું. રાષ્ટ્રસંધના કેટલાક દેશોએ ઇટાલીને આર્થિક મદદ શરૂ રાખી છેવટે (1936) ઇટાલીના લશ્કરે ઈથોપિયો ઉપર ઝડપી આક્રમણ કર્યું ત્યારે ઈથોપિયા પર સંપૂર્ણ કબજો મેળવીને તેને ઈટાલીના સામ્રાજયમાં ભેળવી દીધું.